**"નેશનલ સ્પોર્ટસ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૬/૦૮/૧૭નાં રોજ ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત તા.૨૯/૦૮/૧૭નાં રોજ **"નેશનલ સ્પોર્ટસ ડે"** નિમિતે તા.૨૬/૦૮/૧૭નાં રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૬/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./ આરોગ્યનો સ્ટાફ તેમજ NGOનાં પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૪,૪૫૮ | ૭૭,૨૪૧ | ૫૮૫ | ૫૭૯૨ | ૯૩૯ | ૩૩૩૪ | ૧૬૬ | ૪૪,૭૦૦ | ૭૨ | ૨૮,૪૫૮ | ૧૪,૪૭૯ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરનાં ઉત્પત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**''નેશનલ સ્પોટર્સ ડે''** નિમિત્તે તા.૨૫/૦૮/૧૭નાં રોજ મંદિરની અંદર તેમજ આજુબાજુની જગ્યાએ સાફ–સફાઈ અભિયાન કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૨૯/૦૮/૧૭નાં રોજ **''નેશનલ સ્પોટર્સ ડે''** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૫/૦૮/૧૭નાં રોજ મંદિરની અંદર તેમજ આજુબાજુની જગ્યાએ સાફ–સફાઈ અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૫/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા આરોગ્ય સ્ટાફ, N.G.O. તેમજ સ્પોર્ટસ/સ્વીમીંગ કલબનાં સભ્યોની સંકલિત ટીમો બનાવી ઝોનમાં આવેલ મંદિરો પૈકી નિયત કરેલ પ્રતિસ્થિતિ મંદિરની અંદર તથા બહારનાં ભાગે ઉપરોકત બનાવેલ ટીમ દ્વારા ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો કચરા મિશ્રીત માટીનાં ઢગલાઓનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ.

| ધાર્મિક સ્થળો | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|
| ૪૩ | ૪૪ | ૧૬૨ | ૧.૪૭૫ | ૮૭૭ |

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સિંગાપોરના કોન્સ્યુલેટ જનરલ શ્રી અજીત સિંગ,ગોહ કેન્ગ ફાંગ,ડોન ટેન ની ટીમ સુરત શહેરના વિકાસ અને વ્યાપાર અર્થે તા.૨૭/૦૮/૨૦૧૭ થી તા.૨૯/૦૮/૨૦૧૭ સુધી શહેરની મુલાકાતે પધારેલ છે.તા.૨૮/૦૮/૨૦૧૭ ના રોજ સદર ટીમ ધ્વારા બી.આર.ટી.એસ.પ્રોજેકટ, બમરોલી ટર્સરી ટ્રીટમેન્ટ એન્ડ રીયુઝડ ફેસેલીટી પ્લાન્ટ તથા સુરત મહાનગરપાલિકા મુગલીસરા મુખ્યકચેરી ખાતે સ્મેક સેન્ટરની મુલાકાત લીધી હતી ત્યારબાદ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજેશભાઈ દેસાઈ અને માન.કમિશનરશ્રી એમ.થેન્નારસન ની અધ્યક્ષતામાં મીટીંગ તથા પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ

આ પ્રસંગે માન.કમિશનરશ્રી એ સ્વાગત પ્રવચન કરી શહેરના વિકાસ કાર્યોની માહિતી આપી હતી.માન.મેયરશ્રી શ્રીમતી અસ્મિતાબેન શિરોયા તથા માન.કમિશનર શ્રી એમ.થેન્નારસન ધ્વારા કોન્સ્યુલેટ જનરલ શ્રી અજીત સિંગનું બુકે તથા મોમેન્ટો આપી સ્વાગત કર્યું હતું તેમજ માન.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ અને માન.ડે.મ્યુ.કમિશનર શ્રી સી.વાય.ભટ્ટ ધ્વારા ગોહ કેન્ગ ફાંગ, ડોન ટેનનું મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવેલ.

ત્યારબાદ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટો જેવા કે સ્માર્ટ સીટી,ડ્રીમ સીટી,આઉટ રીંગરોડ પ્રોજેકટ સુરત રેલ્વે સ્ટેશન રી–ડેવલોપમેન્ટ મેટ્રો પ્રોજેકટ વિન્ડ અને સોલાર પાવરનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટો તથા પ્રેઝન્ટેશન નિહાળી સદર ટીમ પ્રભાવિત થઈ હતી.

માન.ડે.કમિશનર શ્રી સી.વાય.ભટ્ટે ઉપસ્થિત મહેમાનો આભાર વ્યકત કર્યો હતો.

પ્રેસનોટ નં.૪૭૭
તા.૨૮/૦૮/૨૦૧૭
જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર


સુરત મહાનગરપાલિકા

**"નેશનલ સ્પોટર્સ ડે"** નિમિત્તે તા.૨૮/૦૮/૧૭નાં રોજ સ્પોર્ટસ કલબનાં સભ્યો દ્વારા સ્વચ્છતા અભિયાન કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૨૯/૦૮/૧૭નાં રોજ **"નેશનલ સ્પોટર્સ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૨૮/૦૮/૧૭નાં રોજ સ્પોર્ટસ કલબનાં સભ્યો દ્વારા સ્વચ્છતા અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૮/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા આરોગ્ય સ્ટાફ, N.G.O. તેમજ સ્પોર્ટસ/સ્વીમીંગ કલબનાં સભ્યોની સંકલિત ટીમો બનાવી ઝોનમાં આવેલ મુખ્ય માર્ગોની ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો કચરા મિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ. ત્યારબાદ આ ટીમોનાં સભ્યો દ્વારા આજુબાજુનાં રહીશોને સુકા/ભીના કચરાનું વર્ગીકરણ કરી અલગ અલગ ડસ્ટબીન રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવવામાં આવી હતી.

| સ્પોર્ટસ કલબની સંખ્યા | સ્પોર્ટસ કલબનાં સભ્યોની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| ૮ | ૪૦ | ૧૭ | ૭૬ | ૧.૪૭૫ | ૩૫૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## ''સુરત મહાનગરપાલિકા આયોજીત સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના નાટકની ભજવણી''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૭ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે આયોજીત સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના નાટકની ભજવણી

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર છેલ્લા ૪૪ વર્ષથી નાટ્ય સ્પર્ધા યોજવામાં આવે છે. ચાલુ વર્ષે આગામી સપ્ટેમ્બર માસમાં યોજાનાર સુરત મહાનગરપાલિકાની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં ૨૧ સંસ્થાઓએ ભાગ લીધેલ હતો જે પૈકી સ્ક્રુટિનીમાં રજુ થયેલ ૨૦ નાટકો પૈકી ૧૦ નાટકોની પસંદગી નિર્ણાયકશ્રીઓએ ફાયનલ કરેલ હતા.

સુરત મહાનગરપાલિકાની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના નિયમો ટાંકીને અખબારી અહેવાલ તથા અત્રે પ્રાપ્ત માહિતીના આધારે ત્રણ નાટ્ય સંસ્થાઓને પત્ર પાઠવી માહિતી મંગાવવામાં આવેલ હતી. તેઓશ્રીના પત્ર તથા નાટ્ય સંસ્થાઓએ કરેલ રજુઆત તથા નાટ્ય સ્પર્ધાના નિયમ ધ્યાને લઈ નાટય સ્પર્ધા નિર્ણાયક સમિતિની મીટીંગમાં સર્વાનુમતે નકકી થયા મુજબ ચાલુ વર્ષે ૧૦ નાટકોની ભજવણી તા.૭ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે કરવામાં આવશે.

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૯/૦૮/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ઉમાભવન તેમજ સરગમ શોપીંગ સેન્ટર પાસેથી જાહેર રસ્તા ઉપર ઉભા રહેતા ફેરીયાના ગેરકાયદેસર શાકમાર્કેટના કરવામાં આવતા દબાણો દૂર કરવામાં આવેલ છે. જેમાં ફળોના ૨૪ કેરેટ, શાકભાજીના ૧૪ કેરેટ, ૧૫ થેલા તથા ૩ ટોપલા શાકભાજી જપ્ત કરવામાં આવેલ છે. સદરહુ શાકમાર્કેટ હટાવવાની કામગીરી અવિરત ચાલુ રહેશે. સદરહુ જપ્ત કરવામાં આવેલ સામાન સીવીલ હોસ્પીટલના છાંયડો સંસ્થામાં સીવીલના દર્દીઓના ઉપયોગ હેતુસર સુપ્રત કરવામાં આવેલ છે. તેમજ જપ્ત કરવામાં આવેલ શાકભાજીનો જથ્થો સરથાણા પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણીઓ માટે સુપ્રત કરવામાં આવેલ છે.
- વધુમાં પાર્લે પોઈન્ટ, ભટાર ચાર રસ્તા તેમજ અણુવ્રત દ્વાર બ્રીજ નીચેના ભાગમાં પડયા પાથરીયા ગંદકી કરતાં ઈસમોને સ્થળેથી દૂર કરી માલસામાન ઉપાડી લઈ બ્રીજ નીચેના ન્યુસન્સ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ દ્વારા અત્રેના સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

૪૮૧

# સુરત મહાનગરપાલિકા
# યુ.સી.ડી. વિભાગ
# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૩૧/૦૮/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.

**વિષય** :- તા.૩૧/૦૮/'૧૭ ને ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૧૧-મુગલીસરા-સૈયદપુરા-કુબેરનગર, ૧૨-સલાબતપુરા-નવાપુરા-મહિધરપુરા, ગલેમંડી (લક્કડકોટ) કોમ્યુનીટી હોલ, સુથાર ફળિયું, ગલેમંડી પોલીસ ચોકીની બાજુમાં, સુરત ખાતે યોજાનાર "સેવાસેતુ" કાર્યક્રમ બાબત.

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૩૧/૦૮/'૧૭ ને ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૧૧-મુગલીસરા-સૈયદપુરા-કુબેરનગર, ૧૨-સલાબતપુરા-નવાપુરા-મહિધરપુરા, ગલેમંડી (લક્કડકોટ) કોમ્યુનીટી હોલ, સુથાર ફળિયું, ગલેમંડી પોલીસ ચોકીની બાજુમાં, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, મા-અમૃતમ, મા-વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દિવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે. જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આમ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમ્યાન કુલ ૧૩૬ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૭ માં ૮ (આઠ)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૪૪ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં જાહેર જનતા તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો છે.

ચાલુ વર્ષ ૨૦૧૭નો નવમો મેડીકલ કેમ્પ તા.૦૨/૦૯/૨૦૧૭ ને શનિવારનાં રોજ પાલનપુર શહેરી આરોગ્ય કેન્દ્ર, સંત તુકારામ સોસાયટી સામે, પાલનપુર જકાતનાકા, સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે. જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચ.આઈ.વી. તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ, ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્ય વિભાગ તરફથી જાહેરાત તેમજ પ્રચાર કરવામાં આવે છે.

---

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0.4.8.2
તા. ૩૧/૦૮/૨૦૧૭

૪૮૩

## **—:: પ્રેસ નોટ ::—**

સુરત મહાનગરપાલિકાના મુખ્ય કચેરી ખાતે તા.૩૦/૦૮/૨૦૧૭ ના રોજ વિકલી હેલ્થ અને એન્જીનીયરીંગ ની મટીંગ માં માનનીય કમિશ્નરશ્રી આપેલ સુચના અનુસાર નોર્થઝોન (કતારગામ) વોર્ડ વિસ્તારમાં નાયબ આરોગ્ય અધિકારી શ્રી ની સીધી દેખરેખ હેઠળ આરોગ્ય અને સેનીટેશન નો સ્ટાફમાં ચાર મુખ્ય આરોગ્ય નિરીક્ષકોની અલગ અલગ ટીમ બનાવી સાથે ચાર આરોગ્ય નિરીક્ષક તથા નવ મદદનીશ આરોગ્ય નિરીક્ષક ધ્વારા જે સંસ્થાઓ ધ્વારા જાહેરમાં ન્યુસન્સ કરતા હોય, "લીટરીંગ" કરતા હોય તેમજ ડસ્ટબીન રાખતા ન હોય તેવા ઈસમો સામે વહીવટી ચાર્જ ની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આમ માનનીય કમિશ્નરશ્રી ની સુચના અનુસાર નોર્થઝોન(કતારગામ) ના આરોગ્ય વિભાગની સ્કોડ ની કામગીરી માં વેડ દરવાજાથી  સીંગણપોર ચાર રસ્તા સુધી નો મે.રોડ, ફુલવાડી ભરીમાતા વિસ્તાર, સિંગણપોર શાક માર્કેટ વિસ્તાર, કતારગામ નવી જી.આઈ.ડી.સી. વિસ્તાર, કોસાડ શ્રીરામ ચોકડી તથા આજુ બાજુ નો વિસ્તાર એચ–૧, એચ–૩ કોસાડ આવાસ વિસ્તારમાં કુલ ૨૧૩ સંસ્થા ચેક કરી ૨૦૪ ઈસમો પાસેથી કુલ **૫૯,૬૦૦/–** રૂપિયા વહિવટી ચાર્જ વસુલ કરી ૩૨ કિ.ગ્રામ અખાધ નો નાશ કરી ૧૮ કિ.ગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ.

૪૮૪

# <u>પ્રેસનોટ</u>

## <u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૩(સલાબતપુરા), નોંધ નં.૩/૩૧૦૩ પૈકી વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા મંજુરી વિનાનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતા અત્રેથી છત પરના પતરા દૂર કરી આશરે ૯૦ ચો.ફુટ ચણતરકામ દૂર કરી તા.૨૯/૦૮/૨૦૧૭ ના રોજ અત્રેથી ડીમોલેશન કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૩(સલાબતપુરા), નોંધ નં.૩/૨૯૩૯/એ/૧/ઈ/૨૭/એ વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા મંજુરી વિનાનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતા અત્રેથી ત્રણ (૦૩) રોલીંગ શટર દૂર કરી આશરે ૬૦ ચો.ફુટ ચણતરકામ દૂર કરી તા.૨૯/૦૮/૨૦૧૭ ના રોજ અત્રેથી ડીમોલેશન કરવામાં આવેલ છે. અને કુલ રૂા. ૧૩,૭૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

## <u>બિસ્માર મિલ્કત ઉતારી પાડવા અંગેની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૩(સલાબતપુરા), નોંધ નં.૩/૧૦૨૫/અ વાળી બિસ્માર મિલ્કતનો ત્રીજો માળે આશરે કુલ ૨૮૦ ચો.ફુટ વિસ્તારમાં ઈંટોનાં ચણતરવાળી જુનાં બાંધકામ વાળી મિલ્કતનો બિસ્માર ભાગ અત્રેથી ઉતારી પાડવામાં આવેલ છે.અનેકુલ રૂા. ૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૩(સલાબતપુરા), નોંધ નં.૩/૧૦૨૫/બ વાળી બિસ્માર મિલ્કતનો ત્રીજો માળે આશરે કુલ ૧૫૦ ચો.ફુટ વિસ્તારમાં ઈંટોનાં ચણતરવાળી જુનાં બાંધકામ વાળી મિલ્કતનો બિસ્માર ભાગ અત્રેથી ઉતારી પાડવામાં આવેલ છે.અનેકુલ રૂા. ૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

## દબાણ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/ એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ અનુંક્રમે તા.૩૦/૦૮/૨૦૧૭ અને તા.૩૧/૦૮/૨૦૧૭ ના રોજ સેન્ટ્રલ ઝોનનાં ડે.ઈજનેર તથા દબાણ ખાતાનાં સ્ટાફ સહિતનાં કર્મચારીઓ ધ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ દિલ્હીગેટ થી અઠવાગેટ,મોતી ટોકીઝની સામે શાકમાર્કેટ,મસ્કતિ હોસ્પીટલની ગલીમાંથી તથા રાજમાર્ગને લાગુ ફુટપાથ તથા રસ્તા ઉપર અને રીંગરોડ–મજુરાગેટ થી દિલ્હીગેટ ના રોડ પરથી હિત ધરાવનારા ઈસમો ધ્વારા ધંધાકીય હેતુસર બેનર,ફ્લેગ, બાકડા, ખુલ્લી લારીઓ, બંધ લારીઓ, ગલ્લાઓ, પાથરણા, ટેબલ–ખુરશી તેમજ પરચુરણ વસ્તુઓ મુકી રસ્તા ઉપર કરવામાં આવેલ દબાણ દૂર કરી કુલ – ૩૫૪ જેટલી વસ્તુઓ જપ્ત કરી કુલ રૂા. ૧૩,૭૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

# યુ.સી.ડી વિભાગ

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તારીખ:૩૧/૦૮/૨૦૧૭ ના રોજ યોજાયેલ સેવા-સેતુ કાર્યક્રમની વિગત.

**વિષય :** તા:૩૧/૦૮/૨૦૧૭ નાં રોજ સવારે ૦૮:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન ગલેમંડી (લક્કડ કોડ) કોમ્યુનીટી હોલ, સુથાર ફળીયુ, ગલેમંડી, પોલીસ ચોકીની બાજુમાં, સુરત ખાતે યોજાયેલ સેવા-સેતુ કાર્યક્રમની વિગત.

રાજ્ય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકોપયોગી યોજનાઓ, પ્રવૃતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યનાં વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તારીખ:૩૧/૦૮/૨૦૧૭ ના રોજ સવારે ૦૮:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન ગલેમંડી (લક્કડ કોડ) કોમ્યુનીટી હોલ, સુથાર ફળીયુ, ગલેમંડી, પોલીસ ચોકીની બાજુમાં, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા “સેવા-સેતુ કાર્યક્રમ”નું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. અને આંગણવાડીની બાળાઓ દ્વારા મહાનુંભાવોનું પુસ્તકથી સ્વાગત કરવામાં આવેલ. ધારાસભ્યશ્રી રણજીતભાઇ ગીલીટવાલા દ્વારા પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે, સેવા-સેતુ કાર્યક્રમ રાજ્ય સરકારનો સૌથી સફળ કાર્યક્રમ રહ્યો છે. સેવા સેતુ એટલે સરકાર લોકોનાં દ્વારે. તેમજ લોકોને વિવિધ પ્રમાણપત્રો મેળવવા પહેલા વિવિધ કચેરીઓમાં ધક્કા ખાવા પડતા હતા મીની ભારત ગણાતા સુરત શહેરમાં લોકોના દ્વારપર સેવા-સેતુ કાર્યક્રમ થકી પહોંચી લોકોને વિવિધ યોજના માટે જરૂરી પ્રમાણપત્રો પુરા પાડ્યા છે.તેમજ માન. મુખ્યમંત્રીશ્રીનો છેવાડાનાં લોકોને લાભ

આપવા આ કાર્યક્રમ યોજવામાં આવેલ છે. સરકારશ્રીની અનેક યોજનાઓને લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. અને લોકોની જરૂરીયાત સંતોષવા હંમેશા તૈયાર છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી અને માન. દડંકશ્રી ગુજરાત સરકાર અજયભાઇ ચોકસી. ધારાસભ્યશ્રી રણજીતભાઇ ગીલીટવાલા. સાંસ્કૃતીક ચેરમેનશ્રી શ્રીમતી રૂપલબેન શાહ. લાઇટ & ફાયર સમીતી ચેરમેનશ્રી પીયુષભાઇ શિવશક્તિવાલા. સ્ટેંડીંગ કમીટી સભ્યશ્રી રાકેશભાઇ માલી, ઝોનલ ચીફ શ્રી દીપકભાઇ સી. ગાંધી, કોર્પોરેટરશ્રી શ્રીમતી દક્ષાબેન જરીવાલા, કોર્પોરેટરશ્રી શ્રીમતી આરતીબેન પટેલ, કોર્પોરેટરશ્રી કુમારી નેન્સીબેન સુમરા અને મામલતદારશ્રી શ્રીરબારી સાહેબ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે તે મહેસુલ વિભાગ, જીલા ઉધોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ, આર.ટી.ઓ તથા સુરત મહાનગરપાલિકાનાં ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ વિભાગ, વિવિધ બેંકો શ્રમિક કલ્યાણ બોર્ડ, વગેરે દ્વારા કુલ ૧૭ ટેબલ અને ૬૦ કાઉન્ટર ગોઠવી જેમા દિવસ દરમ્યાન કુલ ૨૯૯૩ લાભાર્થીઓએ આવકનો દાખલા, ક્રિમીલેયર સર્ટી, પંચનામા, ધાર્મિક લધુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઇ બેન્કેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી, માં વાત્સલ્ય, માં અમૃતમ કાર્ડ, જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ સેવાસેતુ કાર્યક્રમ”નાં આયોજનનો વિસ્તારના રહીશો દ્વારા ખુબજ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા
પ્રજાની લાગણી-માંગણી-અપેક્ષા પૂર્ણ કરવા
"સેવા સેતુ



# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૧/૦૯/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ઉમાભવન સામે જાહેર રસ્તા ઉપર ફેરીયાઓ શાકભાજી તથા ફળોના વેચાણ માટે ઉભા રહી/પાથરણાં કરી ગેરકાયદેસરના દબાણો ઉભા કરવામાં આવેલ. જેને કારણે સદર રસ્તા ઉપર ટ્રાફિક જામથી જાહેર જનતાને અવરજવરમાં ખુબ અગવડ પડતી હોય તથા અકસ્માત થવાના તેમજ આજુબાજુમાં રહેતા લોકોને ન્યુસન્સ થતું હોવાથી સદર ગેરકાયદેસર ભરાતી શાકમાર્કેટને હટાવવા અવારનવાર ફરીયાદો મળતી રહે છે. જેથી સદર જગ્યાએથી ઉકત પ્રકારના દબાણ અત્રેથી અવારનવાર હટાવવામાં આવે છે. જે મુજબ આજરોજ ૬૦ કેરેટ ફળ તથા ૫ કેરેટ શાકભાજી તથા અન્ય પરચુરણ સામાન જપ્ત કરવામાં આવેલ છે. સદરહુ શાકમાર્કેટના દબાણકર્તાઓને સાયન્સ સેન્ટરની સામે સુરત મહાનગરપાલિકા દ્વારા બનાવેલ શાકમાર્કેટમાં ફાળવવામાં આવેલ જગ્યામાં બેસી વેચાણ કરવા ફરજ પાડવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ દ્વારા અત્રેના સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

૪૮૭

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૫/૦૮/૨૦૧૭ થી તા.૩૧/૦૮/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૪૨૨૫ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૨૫ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૨૨ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૦૯ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૧૨ |

**"નેશનલ સ્પોટર્સ ડે"** નિમિત્તે તા.૩૦/૦૮/૧૭નાં રોજ સ્પોર્ટસ કલબ ખાતે સેનીટેશનની સગવડનું ચેકીંગ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે ઓગષ્ટ ૨૦૧૭ની તા.૨૯/૦૮/૧૭નાં રોજ **"નેશનલ સ્પોટર્સ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૩૦/૦૮/૧૭નાં રોજ સ્પોર્ટસ કલબ ખાતે સેનીટેશનની સગવડનું ચેકીંગ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૩૦/૦૮/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા આરોગ્ય સ્ટાફ, N.G.O. તેમજ સ્પોર્ટસ કલબ ખાતે આરોગ્યને લગતી સગવડો બાબતે આ ટીમ દ્વારા ઘનિષ્ઠ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જે સ્પોર્ટસ કલબમાં આરોગ્યલક્ષી સુવિધા નો અભાવ હોય તેવી કલબોનાં સંચાલક/વહીવટકર્તાઓને આરોગ્યલક્ષી સુવિધા ઉપલબ્ધ કરવા માટે માર્ગદર્શન અને સમજ આપવામાં આવેલ ત્યારબાદ આપ્યા બાદ આ ટીમનાં સભ્યો દ્વારા કલબોમાં અંદર તેમજ બહારનાં ભાગે ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરવામાં આવેલ હતી.

| સ્પોર્ટસ કલબ | સેનીટેશન સગવડનાં ચેકીંગમાં ભાગ લેનાર સ્ટાફ | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|
| | N.G.O./કલબનાં સભ્યો | સુપરવાઈઝર | કામદાર | | |
| ૧૪ | ૪૨ | ૧૬ | ૧૮ | ૦.૭૫૦ | ૨૫૦ |

વધુમાં ટીમનાં સભ્યો દ્વારા કલબની આજુબાજુનાં રહીશોને સુકા/ભીના કચરાનું વર્ગીકરણ કરી અલગ અલગ ડસ્ટબીન રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## સેન્ટ્રલ ઝોન

## સુરત મહાનગરપાલિકા

**સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનમાં એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ અને માર્ગદર્શન હેઠળ આજે તા.૦૧/૦૯/૨૦૧૭ ના રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૯, નોંધ નં.૬૭,૬૮/અ/૧+૨ વાડીફળિયા વિસ્તારમાં મિલ્કતદારો ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતા અત્રેથી પાંચમાં માળના ભાગે આશરે૧૫૫૦ ચો.ફુટ વિસ્તારમાં અત્રેથી ડીમોલેશન કરી વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૦૦,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.